सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૭/૧૧/૨૦૨૫. | | |
| ફેસલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૬. | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૪ | ૦૩ |

**જામનગરનાં સ્પેશીયલ (જી.પી.આઇ.ડી.) જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.**

જી.પી.આઇ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.૭/૨૦૨૫.

આંક–૧૫.

**નિઝાર સદરૂદિન આડતિયા,**
ઉ.વ. ૫૧, ધંધો : નિવૃત્ત,
રહે.સી/૩/૫૯, ઇન્દ્રદિપ સોસાયટી,
વિકાસગૃહ રોડ, જામનગર. :: અરજદાર.

**વિરૂદ્ધ**

**શ્રી સરકાર,**
થ્રુ : જીલ્લા સરકારી વકીલશ્રી,
જામનગર. :: સામાવાળા.

બાબત : બી.એન.એસ.એસ. કલમ–૪૯૭ મુજબ વચગાળાનાં તબકકે મુદ્દામાલ મળવા અરજી.

અરજદાર તરફે વિ.વ. શ્રી ડી.બી. પરમાર.
સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી.

## –:: ચુકાદો ::–

૧. આ ગુન્હાનાં આરોપી વિરૂદ્ધ જામજોધપુર પોલીસ સ્ટેશનમા ગુ.ર. નં.૧૧૨૦૨૦૨૬૨૨૦૩૩૪/૨૦૨૨ થી ઇ.પી. કોડ કલમ–૧૨૦(બી),

૪૦૬, ૪૨૦, ૧૧૪ તથા જી.પી.આઇ.ડી. એકટ કલમ–૩, ૪ (જી.પી. આઇ.ડી. કેસ નં.૯/૨૦૨૪) મુજબનાં ગુન્હા નોંધાયેલ હોય, સદરહુ ગુન્હાનાં કામે અરજદારની માલીકીનો મોબાઇલ ફોન મુદ્દામાલ તરીકે કબજે કરવામા આવેલ છે. સદરહુ કેસ અત્રેની અદાલતમા પેન્ડિંગ હોય, મુદ્દામાલ લાંબો સમય પોલીસ સ્ટેશનમા પડી રહે તો, નુકશાન થાય તેમ છે વિગેરે હકીકતો જણાવી હાલની અરજી સદરહુ મુદ્દામાલ વચગાળાનાં તબકકે પરત મેળવવા દાખલ કરવામા આવેલી છે.

**૨.** સામાવાળાને નોટીસ કરતા વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી હાજર થયેલા છે. અરજી સાથે રજુ પેપર્સ, કેસનું રેકર્ડ, પોલીસ અભિપ્રાય તથા આંક–૧૪ સાથે રજુ કરવામા આવેલ મુદ્દામાલની હાલની સ્થિતિનું પંચનામુ અને ફોટોગ્રાફ્સ વંચાણે તથા ધ્યાને લીધા અને દલીલો સાંભળવામા આવેલી છે.

**૩.** અરજદારનાં વિ.વ.શ્રીએ પોતાની અરજી હકીકતોને અનુરૂપ દલીલો કરી ખાસ કરીને મુદ્દામાલ લાંબો સમય પડી રહે તો, બગડી જાય, નુકશાન થાય તેમ છે વિગેરે હકીકતો જણાવી અરજી મંજુર કરવા રજુઆત કરેલી છે.

**૪.** સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે મુદ્દામાલ પરત નહીં કરવા દલીલો કરેલી છે. વધુમા, આંક–૪ થી રજુ પોલીસ અભિપ્રાય વંચાણે લેતા મુદ્દામાલ પરત નહીં સોંપવા અભિપ્રાય આપેલો છે. તેઓએ મુદ્દામાલની તપાસનાં કામે જરૂરીયાત હોવાની હકીકતો જણાવેલી નથી અને મુદ્દામાલ મોબાઇલની કિંમત રૂા.૫૦,૦૦૦/– દર્શાવેલ છે.

**૫.** આ કામે રજુ થયેલ મુદ્દામાલ પરત મળવાની અરજી, સાથે રજુ થયેલ પેપર્સ, પોલીસ અભિપ્રાય તથા કેસનું રેકર્ડ વંચાણે લીધુ. આ કામે

આરોપી વિરૂદ્ધ નોંધાયેલ ગુન્હાનાં કામે સદરહુ મુદ્દામાલ કબજે કરવામા આવેલ છે જે પરત મેળવવા હાલની અરજી દાખલ કરેલી છે.

૬. આ કામે અરજદારે મુદ્દામાલ મોબાઇલ ફોનનું બિલ રજુ કરેલ નથી અને એવી રજુઆત કરેલી છે કે, આ મોબાઇલ તેઓનાં સગા પુંજાણી સુરેશ સદરૂદિને તેઓ ગીફટ કરેલ છે. સદરહુ સુરેશભાઇનું સોગંદનામુ, ઇન્કમ ટેક્ષ રીટર્નની નકલ અને પાસબુકની નકલ અનુક્રમે આંક–૬, ૯ અને ૧૧ થી રજુ કરવામા આવેલ છે.

ઉલ્લેખનીય છે કે, અરજદાર સિવાય મોબાઇલ ફોનની આજ દિન સુધી કોઇ તરફથી માગણી કરવામા આવેલી નથી અને અરજદાર પાસેથી જ મુદ્દામાલ કબજે કરવામા આવેલ હોવાનું આંક–૩ નાં દસ્તાવેજી પુરાવા લીસ્ટ સાથે રજુ થયેલ અટક પંચનામાનાં આધારે જણાઇ આવે છે. તેથી, અરજદાર મુદ્દામાલ પરત મેળવવા હકકદાર છે તેવી અરજદાર તરફેની રજુઆત યોગ્ય, વ્યાજબી અને ન્યાયી હોવાનું માનવાને કારણ છે.

૭. વધુમા, આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અરજદારનાં રોજબરોજનાં ઉપયોગ માટે જરૂરી અને આવશ્યક છે તેમજ તે લાંબો સમય સુધી કોર્ટ કસ્ટડીમા પડી રહે તો, ખરાબ થઇ જાય તેમ છે. તેથી, નામદાર સુપ્રિમ કોર્ટ નાં પ્રસ્થાપિત સિદ્ધાંતો પણ આ વિષયને પુષ્ટિ આપે છે. **નામદાર સુપ્રિમ કોર્ટનાં ૨૦૦૩(૧) જી.એલ.એચ. ૩૦૭, સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**નાં કેસમા કરવામા આવેલા અવલોકનો જોતા મુદ્દામાલ ટ્રાયલ વખતે પુરાવા તરીકે જરૂર ના હોય તો, વિના વિલંબે જે તે વ્યકિતને પરત કરવો જોઇએ. હાલનાં કેસમા રજુ પોલીસ અભિપ્રાય વંચાણે લેતા મુદ્દામાલ ઉપર કોઇ નિશાનો હોય કે અન્ય કોઇ પુરાવો હોય કે જે અરજદારને મુદ્દામાલ પરત સોંપવાથી નાશ પામે તેમ હોય તેવું જણાઇ

આવતુ નથી. જે સંજોગોમા માત્ર ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમા અરજદારને સોંપવા ઇન્કાર કરી શકાય નહીં.

૮. આમ, સમગ્ર હકીકતો જોતા અરજદારને મુદ્દામાલ સોંપવામા આવશે તો, યોગ્ય, ન્યાયી અને વ્યાજબી રહેશે તેમ જણાઇ આવતુ હોય, ન્યાયનાં હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

-:: **હુકમ** ::-

૧. અરજદારની અરજી નીચેની શરતોને આધીન મંજુર કરવામા આવે છે અને અરજદારને મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવામા આવેછે.

-:: **શરતો** ::-

- **૧.** અરજદારે રૂા.૭૫,૦૦૦/- (અંકે રૂપિયા પંચોતેર પુરા)નાં જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપવાનાં રહેશે.
- **૨.** સદરહુ મુદ્દામાલ કોર્ટ જયારે મંગાવે ત્યારે, રજુ કરવાનો છે.
- **૩.** અરજદારે મુદ્દામાલ કેસનાં આખરી નિકાલ સુધી વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈરીતે કોઇને ટ્રાન્સફર કરવો નહીં.
- **૪.** અરજદારે માલીકી દર્શાવતા અસલ દસ્તાવેજો કોર્ટ સમક્ષ રજુ કરવા નાં રહેશે. જે સંતોષકારક જણાયેથી તેની નકલ રાખી તેની અસલ અરજદારને પરત કરવાની રહેશે.
- **૫.** સબંધીત પોલીસ સ્ટેશનનાં પી.આઇ.શ્રી દ્વારા મુદ્દામાલનું પંચનામુ પંચો તથા અરજદારની હાજરીમા કરેલ છે તથા અરજદારનાં ખર્ચે ફોટોગ્રાફ્સ પાડી કામમા સામેલ રાખેલ છે, જે પુરાવામા ગ્રાહય ગણાશે. સદરહુ અસલ દસ્તાવેજો ચાર્જશીટ સાથે સામેલ રાખવા યાદી કરવી અને તેની એક નકલ હાલનાં કામમા રાખવી.
- **૬.** અરજદારે મુદ્દામાલની ઓળખ, દેખાવમા ફેરફાર થાય તેવું કૃત્ય કરવુ નહીં.

૨. હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજરોજ તા.૩૦મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

જામનગર.
તા.૩૦/૩/૨૦૨૬.
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 30/03/2026 15:27:42 IST.

(**નેહલકુમાર રાજેશભાઇ જોષી**)
સ્પેશીયલ (જી.પી.આઇ.ડી.) જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર